R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 03 • ISSUE : 4 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH DECEMBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

# કચ્છમાં સ્વચ્છતા અને સ્વચ્છ ભારત અભિયાન

**કાર્ય. તંત્રી : એડ. ઉદયનભાઈ શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)**



આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વચ્છતા અભિયાન ૨૦૧૪માં શરૂ કર્યું હતું અને એ અભિયાનને ખૂબજ સારી સફળતા મળી છે. મુંબઇના એકલા વરસોવાના દરિયાકાંઠા ઉપરથી લાખો ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. રેલ્વે સ્થાનકો, બાગ બગીચાઓ, નદીકાંઠાઓ, પહાડો, સરકારી દફતરો, શાળાઓમાં સફાઇ અભિયાનનું ખૂબ સારૂં પરિણામ આવ્યું છે. લાખો જાજરૂઓ દેશભરમાં બાંધવામાં આવ્યાં છે. સાફસફાઇના કામો હવે ખાનગી પેઢીઓ કરે છે. પણ આ સફાઇ અભિયાનની કચ્છમાં શું ધારી અસર થઇ છે?

કચ્છથી ચુંટાયેલા લોક પ્રતિનિધીઓ તથા કચ્છીઓએ શું પોતાનું ધ્યાન કચ્છની સ્વચ્છતા અને સુંદરતા જાળવવા તરફ આપ્યું છે?

તમે કચ્છના ગાંધીધામ કે કોઇપણ મોટા સ્ટેશને ઉતરો અને મુખ્ય રસ્તા ઉપર આવો તો તમારૂં સ્વાગત પશુઓના છાણ અને પોદળાથી થશે. તમને મુખ્ય રસ્તાઓ ઉપર ઢોરો રખડતા અને ગંદકી કરતા દેખાશે. ભુજ કે કોઇ મોટા સ્થળ પાસેના ખાણી-પીણીના ખુમચાઓ કે ગલ્લાઓની આજુબાજુ ગંદકી ઉભરાતી જોવા મળશે જ.

આપણે અબડાસા તાલુકાના કોઇ ગામની કે બીજા કોઇપણ ગામની મુલાકાત લઇએ તો ત્યાં ગટરો ઉભરાતી જોવા મળશે અને સાફસફાઇ નથી થઇ રહી એ વાત નજરે ચડશે. કચરો ફેલાયેલો નજરે પડશે. તમને કચ્છમાં ધર્મસ્થાનોની આજુબાજુ પણ કચરો નજરે પડશે.

જુના બાંધકામ તોડીને મલીદો કે રાબીટ જ્યાં ત્યાં રસ્તા ઉપર કે પર્યાવરણ ઉપયોગી ઝાડીઝાંખરમાં ફેંકી દેવામાં આવે છે. કચ્છમાં ઉદ્યોગધંધા વિકસતા વાહનવ્યવહાર ખૂબજ વિકસ્યો છે. પ્રવાસન ઉદ્યોગને ખૂબજ પ્રોત્સાહન મળતા અવરજવર ખૂબજ વધી છે. અને આની અસર કચ્છના પર્યાવરણ અને ઐતિહાસિક સ્થળો ઉપર થવાની જ. ઉપરાંત અવરજવરથી ગંદકી અને કચરાનો વ્યાપ વધ્યો છે. આની સામે ગંદકીના નિકાલ માટેની વ્યવસ્થાનો સદંતર અભાવ છે. શું કચ્છીઓ સ્વચ્છતા અને પર્યાવરણ બાબત સભાનતા સત્વરે કેળવશે?

કચ્છે આ વખતે નરેન્દ્રભાઇને ૬ વિધાનસભા સીટની મોટી સોગાત આપી છે. હવે એમણે પણ આ બાબતે સત્વરે તાત્કાલિક પગલાં લેવાં જોઇએ, તો કચ્છના અમુલ્ય રણ, પર્યાવરણ અને અલભ્ય પશુપંખીની જાતોનું રક્ષણ થઇ શકશે અને ''કચ્છડો બારે માસ'' કહેવાશે.

## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## વિનમ્ર વંદના



સંઘ વત્સલ, સૌમ્ય સ્વભાવી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના ૭૦મા જન્મદિવસે પૂજ્યશ્રીના ચરણોમાં વિનમ્ર વંદના.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૪, તા. ૨૦-૧૨-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

# હીરામણી ગ્રીન ગોલ્ડ યુનિટ સ્કીમ સેટલમેન્ટ બાબત




ઉપરોક્ત પ્લાન્ટેશન કર્યા પછી કુદરતી પ્રકોપ જેવા કે સળંગ પાંચ વર્ષ ઓછો વરસાદ થવાના કારણે, પાણીનું સ્તર નીચે જવાના કારણે તેમજ Bore અને કૂવામાં ઓછા પ્રમાણમાં રી-ચાર્જ થવાના કારણે છોડ ઉગવાની પ્રગતિ ધાર્યા કરતાં ઘણી ઓછી થયેલ છે. અત્યારે પણ આપણે જોઈએ તો વેચાણ કરેલ કરતાં પણ ડબલ ઝાડ ઊભા છે. આ જમીન હીરામણી એગ્રો પ્લાન્ટેશન પ્રા. લી. એ પચ્ચીસ વરસની લીઝ ઉપર લીધેલ છે.

બીજું Teakwood (સાગ)નાં ઝાડના વેચાણ ભાવ વધવા જોઈએ તેટલા વધ્યા નથી કારણ કે પહેલા સાગનાં લાકડાનું જે બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન, ઈન્ડસ્ટ્રીઝમાં મોટો ખપ હતો તે હવે એની જગ્યાએ એલ્યુમિનીયમ, માર્બલ અને ગ્રેનાઈટ તથા પ્લાયવુડનો વપરાશ વધી ગયો છે જેથી સાગનાં લાકડાની જરૂરિયાત/ખપત એકંદરે ઓછી થઈ ગઈ છે.

ઉપરોક્ત બાબતની જાણ વખતોવખત અમોએ યુનિટ વેચાણ માટે નીમેલા એજન્ટોને કરેલ છે તેમજ નવીનભાઈ પટેલને પણ એમની સાથે ફોન ઉપર વાત કરેલી ત્યારે જણાવેલ હતું જે એમના પત્રમાં એમણે ઉલ્લેખ કરેલ જ છે.

હાલના તબક્કે જેનું રોકાણ એક યુનિટ ઉપર રૂા. ૬૦૦/-નું થયેલ છે એમને રૂા. ૧૦૦૦/-નું રીફંડ કંપનીએ કરેલ જ છે જે અંદાજે ૨૦ વરસના રોકાણ પર સેવીંગ એકાઉન્ટના ૩ થી ૩.૫૦ ટકા થાય છે (સરળ વ્યાજ). ઉપરોક્ત હિસાબે ઘણા રોકાણકારો રીફંડ લઈ ગયા છે એની નોંધ લેવી ઘટે. હજી પણ રીફંડ આપવાની પ્રક્રિયા ચાલુ જ છે જે આજ થી ૯૦ દિવસની અંદર બંધ કરવામાં આવશે. જેની નોંધ બાકીના રોકાણકારો લે એજ સહુને વિનંતી

**એજ લી. હીરામણી એગ્રો પ્લાન્ટેશન પ્રા. લી. વતી,**
**પિયુષ દંડ અને નરેન્દ્ર દંડ**


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ – ૨૪

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ''જીવનની અનોખી પાઠશાળા-૬''



**શ્રી મહારાષ્ટ્ર એકમના ઉપક્રમે યોજાયેલ યુથ વિઝન-૨૦૦૦ને સંબોધતા શ્રીમતી ભારતીબેન તિલોકચંદ દંડ**

મધ્યાન ભોજન પછી અમે બધા પાછા મુખ્ય હોલમાં ભેગા થયા. ૪૦ થી ૪૫ પ્રતિનિધિઓને બે ગ્રુપમાં વહેંચી, ૧ ગ્રુપ શ્રીમતી ઉષા ધુલ્લા એ સંભાળ્યો અને ૧ ગ્રુપને અવનવી સંચાલન (મેનેજમેન્ટ)ની રમત રમાડવાની જવાબદારી મેં સંભાળી.

બન્ને ગ્રુપોને રમતો રમાડતાં રમાડતાં અમે ઘણુ બધુ ગમ્મત સાથે જ્ઞાન પીરસી દીધું.

છેલ્લે જ્યારે ૪૫ મિનિટ એજેન્ડા પ્રમાણે બાકી હતી ત્યારે રમતોની પુર્ણાહુતિ જાહેર કરી, બધાને આહ્વાન આપ્યું કે હવે તમારામાંથી કોઈપણ પ્રતિનિધિ સ્ટેજ પર આવી ૧૦ મિનિટમાં આજનો આ કાર્યક્રમ કેવો લાગ્યો અને તેમાં તમે હજી શું સુધારો ઈચ્છો છો તે જણાવો.

પ્રથમ એકજ પ્રતિનિધિએ સ્ટેજ ઉપર આવી ટુંકમાં પોતાના વિચાર રજુ કર્યા, તેમનાં માંથી જ એક ને ભાષણ આપતો જોઈ બીજી બે થી ચાર આંગળીઓ હોલમાં ઉંચી થઈ એક પછી એક બધાને બોલવાનો મોકો આપી, મેં ઉષાબેનને તેમનાં મંતવ્યો ટુંકમાં નોંધી લેવા જણાવ્યું.

હવે છેલ્લી પંદર મિનિટ જ બાકી હતી. ઉષાબેનને પ્રતિનિધિઓએ આપેલ મંતવ્યોનો સાર સ્ટેજ પર આવીને કહેવા કહ્યું જે મારી યાદદાસ્ત પ્રમાણે નીચે મુજબ હતું.

(૧) અમને જુદી-જુદી રમતો રમવાની મજા પડી, (૨) રમતો રમતાં અમને ખુબ જાણવા મળ્યું, (૩) રમતો દ્વારા અમે બધા એકબીજાનાં સારા મિત્રો બન્યા છીએ, (૪) રમતો દ્વારા સકારાત્મક વિચારવાની અમને જાણ થઈ છે. (૫) આજના આ કાર્યક્રમથી અમારો આત્મવિશ્વાસ વધ્યો છે.

છેલ્લે, વક્તા બની જે પ્રતિનિધિઓ સ્ટેજ પર આવ્યા હતા. તેમને પોરસાવા મેં કહ્યું ''ઘણા વર્ષો પહેલાં સ્ટેજ પરથી આપેલું મારું પ્રથમ વક્તવ્ય મને યાદ આવે છે. શરુઆતમાં તો મારો અવાજ જ સ્પષ્ટ નહોતો નીકળ્યો, માઈકનાં હજાર ઘણા મને દેખાતાં હતાં. ઘણા મુદ્દા હું ભુલી ગયો હતો. તમે બધાએ એકંદર સારી રીતે વક્તવ્ય આપ્યું છે. તમે ઉત્તરોતર પ્રગતિ કરો એવી મારી પ્રભુને પ્રાર્થના છે. આપનું મહારાષ્ટ્ર એકમ આવા સુંદર કાર્યક્રમ કરશે તો જ્ઞાન સાથે ગમ્મત રમવાની અમને પણ મજા પડશે... આભાર... ધન્યવાદ.''

શ્રી દિપક પોલડિયાએ કેટલીક જાહેરાતો કરવાની હતી. ત્યારબાદ અમારે અધ્ધાને તેમના ઘરે વિદાય પહેલા મળવાનું હતું. હું અને મુંબઈથી આમંત્રિત કરેલા મિત્રો સાથે અમે ''અધ્ધા''ના નિવાસ સ્થાને મળ્યા. અધ્ધાએ અમારી કામગીરીની પ્રશંસા વ્યક્ત કરી અને અમને બધાને ખાસ ભેટ આપી. સૌ. ભારતીબેન અને કુટુંબીજનોનો અમારી આગતા-સ્વાગતા માટે ખુબ ખુબ અભાર વ્યક્ત કરી વિદાય લીધી.

અમારા માટે કાર તૈયાર જ ઉભી હતી. શ્રી પ્રવિણભાઈ અમને સ્ટેશને મુકવા આવવાના હતા. ત્યાંજ ''બોસ''નો ખાસ મદદનીશ ગળામાં ગમછો વીંટાળી અમારી ટીકીટો લઈને ઉભો હતો. **કોણ હતો એ ???** (વધુ આવતા અંકે...)



**મહારાષ્ટ્ર એકમનાં રજત જ્યંતિ પ્રસંગે સ્મરણીકાનું વિમોચન કરતા ડાબેથી : શ્રી તિલોકચંદ દંડ, શ્રી શાંતિલાલ શિયાળ, શ્રી અરૂણ ગુજરાતી (મહારાષ્ટ્ર સરકારના મંત્રી)**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.**

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

www.umkhona.com

CB: 11/189

# શ્રી નલિયાતીર્થ પર્યુષણ પર્વની આરાધના...

શેઠ શ્રી નરશી નાથાની પાવન જન્મભૂમિ શ્રી નલિયાતીર્થે પરમ પૂજ્ય પ્રવર્તક શ્રી મલયસાગરજી મહારાજા સાહેબ અને પરમ પૂજ્યશ્રી રત્નાકરસાગરજી મહારાજા સાહેબની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધનાનું રૂડી રીતે આયોજન કરવામાં આવેલ.

પર્યુષણ પર્વ દરમ્યાન બહારગામથી ૫૦ આરાધકો પધારેલ હતા. પર્યુષણ પર્વ દરમ્યાન સ્થાનિક તેમજ બહારગામથી પધારેલ સર્વે મળીને ૨૦૦ સાધર્મિકોનું સંઘના રસોડે નવ દિવસ સ્વામીવાત્સલ્ય ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રી રત્નાકરસાગરજી મહારાજા સાહેબે અષ્ટાનિકા, કલ્પસૂત્ર તેમજ બારસાસૂત્રના વ્યાખ્યાનો સુંદર અને સરળ ભાષામાં દૃષ્ટાંત સાથે આપ્યા હતા. સવારના પ્રભાતિયાં તેમજ પક્ષાલપૂજા, સ્નાત્રપૂજા, આંગી, વ્યાખ્યાન તથા રાત્રે પ્રભુભક્તિ કરવામાં આવેલ.

પર્વ દરમ્યાન આખા દિવસની બધીજ ધાર્મિક પવૃત્તિઓ તથા ઉછામણીઓમાં સર્વ ભાગ્યશાળીઓએ ખુબજ હોંશથી ભાગ લીધેલ...

૧) શ્રી કલ્પસૂત્ર ઘેર પધરાવવાનો લાભ શ્રી પદમશી ઘેલાભાઈ મોતા પરિવારે લીધેલ. ૨) શ્રી કલ્પસૂત્ર વહોરાવાનો લાભ માતુશ્રી નવલબેન ઠાકરશી રાઘવજી મોમાયા હસ્તે. મધુરીબેન રજનીકાંત ખોના (નલિયા-ઘાટકોપર) પરિવારે લીધેલ. ૩) શ્રી પ્રભુજીનું પારણું ઘેર પધરાવાનો લાભ શ્રી જૈન ફ્રેન્ડ્સ ગ્રુપ (નલિયા)એ લીધેલ. ૪) શ્રી બારસાસૂત્ર વહોરાવાનો લાભ માતુશ્રી રતનબેન જેઠાભાઈ દેવણાંધ છેડા (નલિયા-મુલુંડ) પરિવારે લીધેલ.૫) બારસા સૂત્રના છેલ્લા ૨૦૦ પાના હાથમાં ગ્રહણ કરવાનો લાભ શ્રી બંકિમચંદ્ર જેઠાભાઇ દંડ (મંજલ રેલડીયા) પરિવારે લીધો હતો.

ભાદરવા સુદ બીજના સ્વપ્નાનું કુલ ધૃત ૨૪૦૦૬૦ મણ થયેલ. પર્વ દરમ્યાન ૪ અઠ્ઠાઈ તેમજ નાની મોટી તપસ્યાઓ આરાધકોએ કરેલ. આમ દેવ-ગુરુ અને ધર્મની કૃપાથી શ્રી પર્યુષણ પર્વ ખૂબજ રુડી રીતે ઉજવાયા. ચાતુર્માસ દરમ્યાન ચાતુર્માસ ફંડમાં, વિવિધ સ્કીમોમાં નીચે મુજબના ભાગ્યશાળીઓએ લાભ લીધેલ. સર્વે ભાગ્યશાળીઓની ખુબ ખુબ અનુમોદના.

## ગોલ્ડન દાતાશ્રી

શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ — મુંબઈ-પાલીતાણા-નલિયા

## સિલ્વર દાતાશ્રીઓ

| | |
|---|---|
| શેઠશ્રી વર્ધમાન જીવરાજ નાગડા | ગાંધીધામ-નલિયા |
| માતુશ્રી જયાબાઈ ઝવેરચંદ નરશી લોડાયા | અંધેરી-નલિયા |
| માતુશ્રી જયાબેન ભવાનજી ચાંપશી લોડાયા | માણાવદર-નલિયા |
| માતુશ્રી ગુણવંતીબાઈ માણેકજી ભવાનજી મોમાયા | મુલુંડ-નલિયા |
| માતુશ્રી રતનબાઈ જેઠાભાઈ દેવાણાંધ છેડા | મુલુંડ-નલિયા |
| માતુશ્રી દીમુબાઈ પદમશી ઘેલાભાઈ મોતા | નલિયા |
| અ.સૌ. ભાવનાબેન મુકેશ લખમશી મોતા | નલિયા |
| શ્રી મયુર જેઠાભાઈ લખમશી લોડાયા | ગાંધીધામ-નલિયા |
| માતુશ્રી તારાબાઈ લહેરચંદ શિવજી નાગડા | ઘાટકોપર-નલિયા |
| શ્રી માણેકજી કાનજી પીતાંબર નાગડા | હુબલી-નલિયા |
| માતુશ્રી નવલબેન લક્ષ્મીચંદ ધનજી ધરમશી | હુબલી-છાડુરા |
| શ્રીમતી વાસંતીબેન નવીનચંદ્ર નરશી ખોના | ઘાટકોપર-નલિયા |
| માતુશ્રી અનસુયાબેન માણેકચંદ્ર ઉમરશી ખોના | ગોરેગાંવ-નલિયા |
| માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી જીવરાજ લોડાયા | મુલુંડ-નલિયા |
| શ્રી ચીમનલાલ હીરજી કલ્યાણજી ખોના | માટુંગા-નલિયા |
| માતુશ્રી વિજયાબાઈ ત્રિકમજી શિવજી છેડા | હુબલી-નલિયા |
| માતુશ્રી વિમળાબેન વર્ધમાન વિશનજી ખોના | ગોવંડી-નલિયા |
| અ.સૌ. મનોરમાબેન નરેશ ભવાનજી મોમાયા | ઘાટકોપર-નલિયા |
| શ્રીમતી વીણાબેન મણીકાંત લોડાયા | મુંબઈ-નલિયા |
| માતુશ્રી પુષ્પાબેન પ્રવિણચંદ્ર વેરશી લોડાયા | બેંગ્લોર-નલિયા |
| માતુશ્રી બાંયાબાઈ શામજી દેવણાંધ મોતા | લોનાવાલા-મુંબઈ-સુખપર |
| શ્રીમતી જયાબેન માણેકજી ગોવિંદજી નાગડા | અંજાર-નલિયા |
| અ.સૌ. હંસાબેન નરેન્દ્ર ગોવિંદજી લાલકા | અંધેરી-લાલા |
| માતુશ્રી લક્ષ્મીબાઈ ચાંપશી વેરશી છેડા | ઘાટકોપર-નલિયા |
| માતુશ્રી લક્ષ્મીબેન પદમશી લખમશી નાગડા | નલિયા |
| શ્રી પ્રતાપ ગોવિંદજી દેવજી ખોના | ભાંડુપ-નલિયા |
| અ.સૌ. મીનાબેન શાંતિલાલ જીવરાજ નાગડા | માટુંગા-નલિયા |
| માતુશ્રી નયનાબેન નરેન્દ્ર જીવરાજ નાગડા | ગાંધીધામ-નલિયા |
| માતુશ્રી લક્ષ્મીબાઈ લહેરચંદ હીરજી નાગડા | ડોંબિવલી-નલિયા |
| પ.પૂ.અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી આ.ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરીજીની પાવન યાદમાં | |
| કુમાર નિશ્ચલ મનિષા હરીશ રામજી ખોના | ઘાટકોપર-નલિયા |
| માતુશ્રી ઈન્દુબેન વીરચંદ નારાણજી નાગડા | હુબલી-નલિયા |
| માતુશ્રી નવલબેન દેવજી આણંદજી મૈશેરી | બેંગ્લોર-નલિયા |
| માતુશ્રી અરૂણાબેન ચીમનલાલ કાનજી નાગડા | કોચીન-ઘાટકોપર-નલિયા |
| અ.સૌ. હંસાબેન દિનેશ ધનજી નાગડા | વડોદરા-નલિયા |
| અ.સૌ. હેમાબેન અને શ્રી ગુલાબચંદ હીરજી છેડા | બેંગ્લોર-નલિયા |
| શ્રી ઉમેશ ખેતશી મોતા | ઘાટકોપર-નલિયા |

## શુભેચ્છક દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી લક્ષ્મીચંદ હીરજી દેવજી નાગડા | નલિયા |
| માતુશ્રી ભચીબાઈ પદમશી નરપાર લોડાયા | નલિયા |
| અ.સૌ. સ્વ. દર્શના રાજેશ લખમશી મોતા | નલિયા |
| માતુશ્રી ખેતબાઈ લખમશી વેલજી મોતા | નલિયા |
| માતુશ્રી પ્રભાબેન પ્રેમજી વેલજી મોતા | નલિયા |
| માતુશ્રી અરૂણાબેન લક્ષ્મીચંદ મોમાયા | ડોંબિવલી-જખૌ-નલિયા |
| માતુશ્રી વિજયાબેન લક્ષ્મીચંદ તેજપાર મોતા | રાજકોટ-તેરા |
| માતુશ્રી મધુરીબેન મેઘજી ગોવિંદજી છેડા | શહાડ-નલિયા |
| શ્રી સોમચંદ વેલજી રાયશી મોતા | નલિયા |
| માતુશ્રી દેવકાબેન વિશનજી વેલજી છેડા | નલિયા |
| શ્રી પરેશ ગોવિંદજી પત્રામલ મૈશેરી | નલિયા-જખૌ |
| માતુશ્રી વાલબાઈ ખેતશી ગોવિંદજી નાગડા | નલિયા-પરજાઉ |

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયા વતી સર્વે ટ્રસ્ટીગણ**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ**
બારોઈ, તા. મુન્દ્રા(કચ્છ)-૩૭૦ ૪૨૧.

**જલગામ કાર્યાલયઃ** ૨૧૧૬/એ, નવી પેઠ, નહેરૂ ચોક, પ્રિયાદર્શન બિલ્ડીંગ, ૧લે માળે, જલગામ-૪૨૫ ૦૦૧(મહારાષ્ટ્ર) ફોનઃ(૦૨૫૭) ૨૨૨૮૮૧૬

## ગોએરસમા-બારોઈ ધજા મહોત્સવ જાહેર આમંત્રણ

બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ, પ.પૂ. અચલગચ્છાધિપતી શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી, મ.સા. તેમજ પ.પૂ. અચલગચ્છાધિપતી શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તેમજ સર્વે પ.પૂ. આચાર્ય ભગવંતોના આશિર્વાદથી બન્ને ગામોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

**કાર્યક્રમ :** સંવત ૨૦૭૯ ફાગણ વદ એકમ, મંગળવાર તા. ૦૭/૦૩/૨૩ના બન્ને જીનાલયોમાં અઢાર અભિષેકનો કાર્યક્રમ તથા સંવત ૨૦૭૯ ફાગણ વદ બીજ, બુધવાર તા. ૦૮/૦૩/૨૩ના બન્ને જીનાલયોની વર્ષગાંઠ નિમીત્તે ધ્વજારોહણ યોજેલ છે. તો જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી. આવનાર ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

સંપર્ક : **અશોક પોલડીયા – 94222 12250**
**ભૂપેન્દ્ર ડાઘા-98198 83522 ધનપતિ મોમાયા-94231 85716**
**કેતન ગોસર-94222 88616 રોહિત મોમાયા-94250 78466**

**લી. : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા બારોઇ વતી, અશોક લાલજી પોલડીયા–પ્રમુખ**

## *Congratulations*



***CA Mohit Jayesh Jain (Dand)***
DOB: 16/11/1995 ✦ Native: Kutch (Manjal Reladiya)
**Qualification: Chartered Accountant**

Your dedication towards the Chartered Accountancy course was really inspiring.

May your life always shower you with such Great success and happiness.

Father : **Jayesh Kantilal Jain (Dand)**
Mother: **Samta Jayesh Jain (Dand)**
Dadaji : **Late Kantilal Karamshi Jain (Dand)**
Dadiji : **Late Damayanti Kantilal Jain (Dand)**
Nanaji : **Late Hirachand Khetshi Lodaya**
Naniji : **Late Hiravanti Hirachand Lodaya**

## શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ - કોઠારા-કચ્છ

## દરેક પખાવાજ મંડળો સંગાથે

# ભવ્ય પખાવાજ

## ચાલો કોઠારા...

શ્રી કોઠારા જૈન મિત્ર મંડળની સ્થાપનાં સવંત ૨૦૦૪ માં થયેલ. સવંત ૨૦૭૯ માં મંડળ ૭૫ વર્ષ પૂર્ણ કરી રહેલ છે. જેના અમૃત મહોત્સવ નિમિત્તે કોઠારા-કચ્છ મધ્યે તા. ૨-૪-૨૦૨૩ રવિવાર રાત્રે ૯ કલાકે પખાવાજનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ હોઇ, સમાજનાં દરેક ગામોનાં પખાવાજ મંડળોને આ શુભ અવસરે જરૂરથી પધારવા, તેમજ પખાવાજ કાર્યક્રમમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવીએ છીએ. મંડળનું ગામ-નામ અને સંખ્યા નીચેના નંબર ઉપર જણાવશોજી. જરૂરથી ભાગ લેશોજી.

**-: સંપર્ક :-**

**હીરાલાલ કે. જીવાણી** - મો. ૮૧૪૧૧૩૫૧૮૪
**દિનેશ એલ. અજાણી** - મો. ૯૮૨૦૦૮૦૦૬૧
**હરીશ એચ. મુનવર** - મો. ૯૮૨૫૬૫૪૧૮૯

## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

**મીટીંગ તા. ૬.૦૧.૨૦૨૩, શુક્રવાર સાંજે ૫.૦૦ ક.**
સભ્યોની વાર્ષિક સાધારણ સભા **(A.G.M.)**
તા. ૬ જાન્યુઆરી ૨૦૨૩ને શુક્રવારનો અજેન્ડા અને નોટીસ

**અજેન્ડા**

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના સભ્યોની એક વાર્ષિક સાધારણ સભા તા. ૬ જાન્યુઆરી ૨૦૨૩ શુક્રવારના સાંજના ૫ કલાકે જખૌ પાંજરાપોળ ટ્રસ્ટની ઓફિસ જખૌ કચ્છ મધ્યે મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી નીચેના અજેન્ડા મુજબ હાથ ધરાશે. સર્વ સભ્યોને મિટીંગમાં સમયસર આવી ભાગ લેવા વિનંતી છે.

૧. કોરોનાના કારણે વાર્ષિક સભા યોજાઈ શકાઈ નહોતી.
૨. વર્ષ ૨૦૧૯-૨૦, વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ના ઓડિટેડ હિસાબોની નોંધ લેવી.
૩. બંધારણની કલમ નંબર ૬ મુજબ અત્યાર સુધીની સભ્ય ફી જે રૂા. ૫ છે તેને વધારીને રૂા. ૫૦૦ તા. ૧ એપ્રિલ ૨૦૨૩થી કરવી. આ બાબત ટ્રસ્ટ બોર્ડની મીટીંગમાં સર્વાનુમતે પસાર થયેલ છે.
૪. પ્રમુખશ્રીની મંજુરીથી જે કંઈ બાબત રજૂ થાય તે રજૂ કરવી.

**તા. ૧૬.૧૨.૨૨ લી. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ વતી**
**મહેન્દ્ર દેવજી ખોના-મેનેજીંગ ટ્રસ્ટી**

તા.ક. કોઈપણ કારણથી જો સભ્યોનું કોરમ પુરૂં નહિ થાય તો આ વાર્ષિક સાધારણ સભા અડધા કલાક બાદ મુલતવી રહેલ સભા એજ સ્થળે રાખી અને પછી અજેન્ડા મુજબ કાર્યવાહી પુરી કરવામાં આવશે.

શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૧૨-૨૦૨૨

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | | ૪ | | ૫ | ■ |
| | ■ | | ■ | | ■ | ■ | | ■ | | ■ |
| ■ | ■ | | ■ | ૬ | | ■ | | ■ | ૭ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | | ■ | | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | ■ | | ■ | ■ | ૧૪ |
| | ■ | ૧૫ | | | | ■ | ૧૬ | | | |
| | ■ | ■ | | ■ | ■ | ૧૭ | ■ | ■ | ■ | ■ |
| ૧૮ | | ૧૯ | | ■ | ■ | ■ | ૨૦ | | ૨૧ | |
| | ■ | | ■ | ૨૨ | ૨૩ | | | ■ | | ■ |
| ■ | ■ | ૨૪ | | | | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ |
| ૨૭ | | | ■ | | ■ | ૨૮ | | | | |

**આડી ચાવીઓ :**

૧) નેમીનાથ પ્રભુનું ઉત્તર ગુજરાતનું તીર્થ (૩)
૩) આ બે બળદો સમાધી મરણથી દેવો બને છે (૬)
૬) સાધુ (૨)
૭) પાટણમાં આવેલ એક પાર્શ્વનાથ (૨)
૮) ... પ્યારા, આદીનાથને વંદન અમારા (૩)
૧૦) સુમતીનાથના અયોધ્યામાં કેટલા કલ્યાણક છે. (૨)
૧૧) બ્રહ્મચર્યની વાડ કેટલી? (૨)
૧૫) ઈશ્વર (૪)
૧૬) પ્રભુની જિનાલયમાં પ્રતિષ્ઠા વખતે જીરાવલ્લાનો ...... લખવામાં આવે છે. (૪)
૧૭) ... કાયના જીવો (૧)
૧૮) ઋષભદેવના પત્નીનું નામ (૪)
૨૦) જીનાલયના શણગારની એક સામગ્રી (૪)
૨૨) અહીં દિવાળીના દિવસે રાતના છત્ર ફરે છે. (૪)
૨૪) શત્રુંજય ઉપર આવેલ એક ટુંકનું નામ (૪)
૨૭) એક અનંતકાય (૩)
૨૮) શત્રુંજય ઉપર અહીં નાહવાથી મહિપાલ રાજાનો કોઢ મટી ગયો હતો. (૫)

**ઊભી ચાવીઓ :**

૧) કુંડરીક અને પુંડરીક બન્ને ... હતા. (૨)
૨) મધ્ય પ્રદેશમાં આવેલ પદ્મપ્રભુનું તીર્થ. (૫)
૩) જૈનો આ ન ખાય. (૪)
૪) જીનાલય બનાવવામાં આનો ઉપયોગ થાય. (૬)
૫) ક્ષત્રિયકુંડની તળેટી. (૪)
૮) જેસલમેરના જ્ઞાન ભંડારમાં ૮૨૦ વર્ષ જુની સાલ કોની છે? (૬)
૯) પ્રતિ વાસુદેવ કેટલા? (૨)
૧૨) મહારાષ્ટ્રના આ ગામમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથનું જીનાલય છે. (૪)
૧૩) તપાગચ્છની સંવત્સરી આ તીથીના હોય. (૨)
૧૪) વિજય ... (૨)
૧૯) ઋષભસેન એ આદીનાથના પહેલા ...નું સંસારીક નામ હતું. (૪)
૨૦) ચોવીસ તીર્થંકરમાં ફક્ત એકજ તીર્થંકર ... છે. (૨)
૨૧) પ્રભુના મસ્તક ઉપર લટકતું પ્રતિક (૨)
૨૨) શત્રુંજય જઈએ ને ...... થઈએ. (૩)
૨૩) મુંબઈ પાસેના આ પરામાં મહાવીર સ્વામીનું જીનાલય છે. (૨)
૨૫) આઠમું સ્વપ્ન (૨)
૨૬) બ્રહ્મચર્યની નવ ..... હોય. (૨)

**ધર્મસંદેશ - ૫.૧૨.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧) જિણંદ (૩) મોતીશા (૫) દર્પણ (૬) તાપસ (૮) રથનેમિ (૧૧) મદ (૧૩) થમ્ભ (૧૪) શામળિયા (૧૫) બે (૧૬) લાલા (૧૮) વિમલ (૨૦) પાબળ (૨૨) મક્ષી (૨૩) દાન (૨૪) વિમલ (૨૭) વાડી (૨૮) પાવાગઢ (૩૦) સેસલી (૩૧) મનમોહન (૩૨) બે (૩૩) બે. **ઊભી ચાવીઓ :** (૧) જિનબિંબ (૨) દઢરથ (૪) શાતા (૫) દસ (૭) પતાશા (૯) થમ્ભ (૧૦) મિથિલા (૧૧) મળિયા (૧૨) દયા (૧૬) લાલ (૧૭) સહસ્ત્રકુટ (૧૮) વિમલવાહન (૧૯) મક્ષી (૨૦) પાતાલ (૨૧) સોનગઢ (૨૫) મહાસેન (૨૬) સેવા (૨૮) પાલી (૨૯) ગતિ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ**
**શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન**

(વરાડીયા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦૪૯૦ )

## નોટીસઃ વાર્ષિક સામાન્ય સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ તથા શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૮મી જાન્યુઆરી ૨૦૨૩ના બપોરે ૨.૦૦ ક. શ્રી જીવરાજ ભાણજી સ્મારક હોલ, અશોક નગર, મુલુંડ(વેસ્ટ), મુંબઈ-૮૦ મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજન ના સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા સુચી :**

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન તથા બહાલી.
૨) ગત વાર્ષિક સભાથી અત્યાર સુધી ની ટ્રસ્ટ/ મહાજનની પ્રવૃત્તિઓનો અહેવાલ.
૩) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત તથા બહાલી.
૪) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ઓડીટરની નિમણૂંક.
૫) વરાડીયામાં આ વર્ષે કોઈ સાધુ-સાધ્વીજીનું ચાતુર્માસ, જિનાલયની ૧૨૧મા ધ્વજારોહણ તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવું.
૬) વરાડીયાના ઉપાશ્રયના નવ નિર્માણ અંગે ચર્ચા વિચારણા.
૭) પ્રમુખશ્રીની સંમતિથી અન્ય કાર્યવાહી.

**: નોંધ :**

૧) ઓડીટેડ હિસાબો તા.૩૦.૧૨.૨૦૨૨થી તા.૧.૧. ૨૦૨૩ સુધી સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન ટ્રસ્ટી-ખજાનચી શ્રી દીપક ગંગાજર ડાઘાના નિવાસસ્થાન (એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મહાદેવ મંદિર પાસે, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦) ખાતે તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.
૨) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.
૩) એજન્ડા ને લગતા/શિવાય ના સવાલો કે સુચનો મિટિંગના દિવસથી પાંચ દિવસ અગાઉ મોકલી આપવા.
૪) સભા બાદ વરાડીયા મહાજનનું સ્નેહમિલન છે.

**લી.**

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ વતી**
**પદમશી લાલજી લોડાયા (સેક્રેટરી) મો. 93228 27085**

---

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ**
**શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન**

(વરાડીયા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦૪૯૦ )

આયોજિત

## સ્નેહમિલન

**૮મી જાન્યુઆરી ૨૦૨૩, બપોરે ૪.૦૦ ક. થી**
**શ્રી જીવરાજ ભાણજી સ્મારક હોલ, અશોક નગર,**
**મેહુલ ટોકીઝ પાસે મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.**

શ્રી વરાડીયા જૈન દેરાસર/મહાજન ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા બાદ બપોરે ૪.૦૦ ક.થી આપણું સ્નેહમિલન આયોજિત છે.

ગત વાર્ષિક સભામાં લેવાયેલા નિર્ણય મુજબ આપણાં ઉપાશ્રયના નવ નિર્માણ માટે માંડવીના પ્રખ્યાત જૈન આર્કિટેક્ટ શ્રી દિપકભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ ટેન્ડર મંગાવવામાં આવેલ. આવેલા ટેન્ડરમાંથી એમની સલાહ મુજબના ટેન્ડરને મંજુર કરી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. તે પ્લાન પ્રમાણે નવ નિર્માણ શરૂ થયેલ છે. જુનું ઉપાશ્રય તોડી પાડવામાં આવ્યું છે. નવા ઉપાશ્રયનું ખાત મુહુર્ત તા. ૯.૧૨.૨૦૨૨ના ચતુર્વિધ સંઘની હાજરીમાં તથા પાયાવિધિ/શીલારોપણ તા. ૧૬.૧૨.૨૦૨૨ના સંપન્ન થયેલ છે.

સ્નેહમિલનમાં ઉપાશ્રય નિર્માણ સહાયના વિવિધ દાતાશ્રીઓ તેમજ વરાડીયાના વ્યવસાય, રમતગમત, રાજકીય, કલા, ધાર્મિક, સામાજિક જેવા વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરનાર મહાનુભાવોનું સન્માન અને/અથવા ઉલ્લેખ કરવાનું પણ આયોજન છે.

શ્રી વરાડીયા મહિલા મંચ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરશે. ત્યારબાદ રાસગરબા-ડાંડીયા નો કાર્યક્રમ રહેશે.

બપોરે ચા-કોફી તથા સાંજે ચોવિહારની સુવિધા સહ ભોજનની વ્યવસ્થા છે.

શ્રી વરાડીયાના કેડીઓ સાધર્મિક પરિવારજનોને સહ કુટુંબ તથા એમની પરિણીત નિયાણીબેનોને સજોડે પધારવા આમંત્રણ છે. (આપના પરીવારની પરિણિત નિયાણીબેનોને ખાસ જાણ કરવા તથા આ મેસેજ મોકલી આપવા વિનંતી છે.)

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ**
**તથા સ્નેહમિલન સમિતી વતી**
**પદમશી લાલજી લોડાયા (સેક્રેટરી) મો. 93228 27085**

સમાચાર સંસ્થા સમાચાર જ્ઞાતિ સમાચાર વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### યુવા કેડીઓ ઓલિમ્પીક્સ

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન યુવા સમિતી દ્વારા મુંબઈ ખાતે ફેબ્રુઆરી ૪ અને ૫ ના બે દિવસ દરમિયાન જ્ઞાતિના યુવાન-યુવતીઓ માટે ઓલિમ્પીક્સ રમતોત્સવનું આયોજન નિર્ધારીત છે. યુવા સમિતીના ચેરમેન હેમિલ જયેશ દંડ અને વાઈસ ચેરમેન કુણાલ તિલકચંદ ડાઘાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પાલીતાણા ગિરનાર છ'રી પાલિત સંઘ

શ્રી આદિ ઘંટાકર્ણ ભક્તિ મંડળ મુંબઈ દ્વારા શ્રી શત્રુંજય સિદ્ધાચલ ગિરીરાજથી શ્રી રૈવતગિરી ગિરનાર તીર્થ માટે છ'રી પાલિત સંઘ પાલીતાણાથી તા. ૨૪.૧૨.૨૨ થી શરૂ થઈ ગિનાર તીર્થે ૬ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ પૂર્ણ થશે.

### સા. શ્રી. ચંદ્રાદયશ્રીજી મ.સા. ને સંઘ સ્થવીરા પદવી

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ઉપક્રમે પાલીતાણાનગરે શત્રુંજય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજા ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી વૃંદની પાવન નિશ્રામાં અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની મુખ્યાસાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા.ના શિષ્યા શાંતમૂર્તિ શ્રી રતનશ્રીજી મ.સા.ના શિષ્યા દીર્ઘસંયમી સા. શ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.ને આજ તા. ૧૪.૧૨.૨૦૨૨ના માગસર વદ ૭ અને બુધવારના સંઘ સ્થવીરાની પદવી પ્રદાન કરવામાં આવી છે.

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ આયોજિત સમુહ લગ્ન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત સમસ્ત જૈન સમાજના બે દિવસીય સમુહ લગ્નોત્સવનું આયોજન આદિપુરની લીલા શાહ ધર્મશાળામાં કરાયું હતું. લગ્નોત્સવમાં ૧૩ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા.


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on


સ્મરણ રહે કે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દર વર્ષે ડિસેમ્બરમાં આયોજિત કરે છે. આ ૩૦મા લગ્નોત્સવ ગ્રુપના અધ્યક્ષ જયેશ જૈન ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ અને પ્રવીણ લોડાયાના માર્ગદર્શનમાં પાર પાડવામાં આવ્યા છે.

### તીરૂપુરની વર્ષગાંઠ ઉજવણી

તીરૂપુરના સુવિધિનાથદાદાની ૩૭ વર્ષગાંઠ સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ ધામધૂમથી ઉજવાઈ.

### હર્લી ગાલા અન્ડર-૧૯ વર્લ્ડ કપ ટીમમાં

વાગડ વીસા ઓસવાલ જૈન ભાવનાબેન અને તન્મય ગાલાના દીકરી હર્લી ગાલા તાજેતરમાં જાહેર થયેલી સૌ પ્રથમ આઈસીસી વીમેન્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપની ભારતીય ટીમમાં પસંદગી પામી છે. હર્લી ગાલા ૧૮ વર્ષની છે અને ફાસ્ટ બોલર ઑલ રાઉન્ડર છે. વર્લ્ડ ટુર્નામેન્ટ ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ના શરૂ થઈ રહી છે. સાઉથ આફ્રિકામાં યોજાઈ રહેલા આ ટુર્નામેન્ટ પહેલાં સાઉથ આફ્રિકા સામે ટી-૨૦ સીરીઝમાં પણ રમશે.

### પ્રિયાંશી ગિનીઝ બુકમાં

છ વર્ષની ધિયા (પ્રિયાંશી) શાંતિલાલ નીસર, ભચાઉ (મુંબઈ) સ્કેટીંગમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે શાનદાર દેખાવ કરી નેપાલમાં આયોજીત નેપાલ રોલર મ્યુઝીકલ ચેર સ્કેટીંગ, સ્પીડ સ્કેટીંગ ચેમ્પીયનશીપ-૨૦૨૨માં કુલ મળી ત્રણ સુવર્ણચંદ્રક હાંસલ કર્યા હતા. ઉપરાંત સ્કેટીંગના ૯૬ કલાક પુરા કરી વિશ્વ વિક્રમ નોંધાવ્યો હતો સાથે ગિનીસ બુકમાં નામ નોંધાવ્યું છે.

### કેડીઓ સામાજિક સુરક્ષા યોજનાની સંચાલક કમિટી

કેડીઓ સામાજિક સુરક્ષા યોજનાની સંચાલક સંસ્થા કેડીઓ વેલફેર એસોસિએશનની નવી મેનેજીંગ કમિટીની નિમણુંક કરવામાં આવી છે.

પ્રેસીડેન્ટ : દિપક ગંગાજર ડાઘા-વરાડિયા(મુલુંડ). વાઈસ પ્રેસીડેન્ટ : હીરેન(રાજુભાઈ) મુલજી ખેતશી મોમાયા-સાંયરા(હૈદરાબાદ). સેક્રેટરી : કિરણ ઠાકરશી ઘેલાભાઈ મૈશેરી-બાંઢિયા(હૈદરાબાદ). જોઈન્ટ સેક્રેટરી : અખિલેશ ધનજી જેઠાભાઈ વિકમશી-રાણપર(મુલુંડ).

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

ટ્રેઝરર : રીતેશ કિશોર ગોવિંદજી ખોના-જખૌ(મુલુંડ), જોઈન્ટ ટ્રેઝરર : લહેરચંદ ટોકરશી પાશ્વીર લોડાયા-રાપર(હૈદરાબાદ). કમિટી મેમ્બર : ચંદ્રકાંત મોતીચંદ નારાયણજી નાગડા-નલિયા(હુબલી), શરદ હેમરાજ કાનજી મોમાયા-વરાડિયા(હુબલી), ચંદ્રેશ વીરચંદ કુંવરજી છેડા-સુજાપર(રાયપુર), ફાલ્ગુન લખમશી મોરારજી ખોના-નલિયા(ભાંડુપ), અજિત માલશી પદમશી લોડાયા-તેરા(મુલુંડ), ચેતન ગોવિંદજી કેશવજી નાગડા-નલિયા-(અમદાવાદ), મોનિક વિનોદ વેલજી ધરમશી-સુથરી(હૈદરાબાદ), ચંદ્રેશ દિનેશ ધનજી નાગડા-નલિયા-(વડોદરા), ભાવેશ મણીલાલ ખીમજી લોડાયા-વારાપધર-(હૈદરાબાદ).

### પ્રો. ડૉ. મહિમા મોહિત દંડને શ્રેષ્ઠતા ઍવોર્ડ

ગત ૪૦ વર્ષથી સક્રિય આઈએસીડીઈ (ઈન્ડીયન એસોશિએશન ઑફ કન્ઝરવેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટિક્સ)ની તાજેતરમાં ભોપાલ ખાતે યોજાયેલી કોન્ફરન્સમાં ડેન્ટલ કાઉન્સીલ ઑફ ઈંડિયાના પ્રેસીડેન્ટના હસ્તે પ્રો. ડૉ. મહિમા મોહિત દંડને ‘ઉત્તમ માનવતાપૂર્ણ સેવા’ માટે ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

પ્રો.ડૉ. મહિમા મોહિત દંડ(તેરા)નું કાર્યક્ષેત્ર હુબલી છે.

### શ્રી ગુજરાતી શુભેચ્છક મંડલ-તીરૂપુર કમિટી

પ્રેસીડેન્ટ : હસમુખ આર. પંચમીયા-૯૫૦૦૭ ૬૬૪૯૧, વાઈસ પ્રેસીડેન્ટ : સુરેશ જે. વીભાકર-૯૮૯૪૧ ૭૩૪૯૦, સેક્રેટરી : ભરત એસ. પુજારા-૯૩૪૪૪ ૩૬૦૧૪, સતીશ એચ. નાગડા-૯૪૮૬૧ ૧૨૪૯૦, ટ્રેઝરર : હરીશ એ. દેસાઈ - ૯૮૯૪૦ ૧૧૩૫૯.

### શ્રી નેમિનાથદાદા દેરાસર - સિંઘોડી મોટી

શ્રી નેમિનાથદાદાના નવનિર્મિત દેરાસરના આગામી પ્રતિષ્ઠા મહોત્સવ અને ધજા મહોત્સવ ૨૨/૪/૨૦૨૩ના ચડાવા લેવાનું તથા સ્નેહમિલન ૨૫/૧૨/૨૦૨૨ ના સવારના ૭.૩૦ થી ૬.૩૦ સુધી જીવરાજ ભાણજી હોલ મુલુંડમાં આયોજિત કરેલ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-જખૌ

મહાજન દ્વારા તા. ૮.૧.૨૦૨૩ના ઘાટકોપર ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

### પુના સખીવૃંદ

સખીઓનું જમવાનું આકર્ષિત અને સ્વાદિષ્ટ બનાવવા માટે તારીખ ૧૫ ઓક્ટોબરના મોહિનીબેનના નિવાસ્થાને મીટીંગ યોજાઇ હતી. મોહિનીબેને ૧૩ જાતની ચટણી, ડીપ્સ અને પાવડર પ્રત્યક્ષીકરણ કરી શીખવાડ્યું હતું.



પ્રમુખશ્રી મીતાબેન લાલકાએ સર્વે સખીઓને આવકાર્યા. રીધીમા શાહે સપ્ટેમ્બર મહિનાનો અહેવાલ રજૂ કર્યો અને સોનલબેન લોડાયાએ મોહિનીબેનનો આભાર માન્યો.

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### ભોજાય સર્વોદય ટ્રસ્ટ આયોજિત સ્ત્રી રોગ શિબીર

ભોજાય સર્વોદય ટ્રસ્ટે ડિસેમ્બર તા. ૯ થી ૧૧ દરમિયાન સ્ત્રીરોગની સારવાર અર્થે ૩૨મા મેડીકો સર્જીકલ કેમ્પનું આયોજન કર્યું હતું.

આ કેમ્પમાં ગર્ભાશયની ગાંઠ, ફાઈબ્રોઈડ, ઓવરી ગાંઠ, વાંગો, ગર્ભાશય બહાર આવી જવું જેવી તકલીફોથી ગ્રસ્ત ૯૪ જેટલી મહિલાઓની ભોજાય ટ્રસ્ટના ડૉ. કાલિંદી ગાંધી, મુંબઈના ડૉ. ગાયત્રી દેશપાંડે અને કેરલના કલીકટના ડૉ. બારીએ તપાસ કરી ૪૭ દર્દીઓને ઓપરેશન માટે હોસ્પિટલમાં એડમીટ કરી હતી. કેરલાના એનેસ્થેસિયા સ્પેશ્યાલિસ્ટ ડૉ. વેણુ ગોપાલ દર વર્ષે સ્ત્રી રોગ શિબીરમાં સેવા આપવા પધારે છે.

### સુધીરભાઈ મોતાનો નવો કાવ્યસંગ્રહ પ્રકાશિત

હિન્દી સાહિત્ય અને પત્રકાર વિશ્વમાં આદરણીય નામ વાંકુના ભોપાલ નિવાસી સુધીરભાઈ હિંદીના ઉચ્ચ કક્ષાના કવિ અને પત્રકાર છે. એમનું નવું કાવ્ય સંગ્રહ કોરોનાકાળના અનુભવો પર આધારિત ‘કારાવાસ’ ટાઈટલ ધરાવે છે. કાવ્યસંગ્રહનું પ્રકાશન લખનૌના લોકોદય પ્રકાશને કર્યું છે. અગાઉ સુધીરભાઈના સાત કાવ્ય સંગ્રહ પ્રકાશિત થઈ ચૂક્યા છે.

